વાજબી ભાવની દુકાનોની સમયાંતરે કરવામાં આવતી તપાસણીની કાર્યવાહીમાં ગેરરીતિ આચરનારને દંડ વસુલ કરવા માટેની રકમમાં સુધારો કરવા તથા આવી વસુલાત સમયસર થઈ શકે તે માટે વાજબી ભાવના દુકાનદારો પાસેથી મેળવવામાં આવતી જામીનોના દરમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ક્રમાંક: પીડીએસ/૧૨૨૦૨૦/૧૭૯૭/ક
બ્લોક નં.૧૪/૫, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૩/૧૦/૨૦૨૦

**વંચાણે લીધો:**

આ વિભાગનો તા.૧૭/૦૭/૧૯૯૭ નો ઠરાવ ક્રમાંક:વભદ/૧૦૯૫/૧૨૧૨/ક

**આમુખ:-**

જાહેર વિતરણ વ્યવસ્થામાં છેવાડાના લાભાર્થી સુધી આવશ્યક ચીજવસ્તુનો પુરવઠો પુરતા પ્રમાણમાં તથા સમયસર મળી રહે તે માટે રાજ્ય, જિલ્લા અને તાલુકાના પુરવઠા તંત્ર દ્વારા વાજબી ભાવની દુકાનોની સમયાંતરે તપાસણીની કાર્યવાહી કરવામાં આવતી હોય છે.તપાસણી દરમ્યાન જોવા મળતી ગેરરીતિઓ માટે પુરવઠા તંત્ર દ્વારા શિક્ષાત્મક પગલાં લેવાતા હોય છે. વાજબી ભાવની દુકાન દ્વારા સબસીડાઇઝડ આવશ્યક ચીજવસ્તુઓ જેવી કે, ઘઉં, ચોખા, ખાંડ, કેરોસીન તેમજ ખાદ્યતેલો વગેરે વગે થયાનું માલુમ પડે, ત્યાર પછી સંબંધિત જિલ્લા પુરવઠા અધિકારીશ્રી /કલેકટરશ્રીને ખાતાકીય પગલાં લેવા કેસના કાગળો સાથે મોકલી આપવામાં આવતા આવા કિસ્સાઓમાં વાજબી ભાવની દુકાનની ડીપોઝીટની રકમ પુરેપુરી જપ્ત કરવી, તેમજ વાજબી ભાવની દુકાનનું લાયસન્સ / અધિકારપત્ર મોકુફ કે રદ કરવામાં આવે છે. પરંતુ વગે કરાયેલ જથ્થો મોટો હોઇ તેવા સંજોગોમાં ફકત ડીપોઝીટ રાજ્યસાત કરવાથી સરકારને સબસીડી રૂપે થયેલ નુકશાન ભરપાઇ થઇ શકતુ નથી.

આ પરિસ્થિતિમાં સરકારશ્રીને થતુ આર્થિક નુકશાન ભરપાઇ થઇ શકે અને ગેરરીતિ આચરનારાઓને અંકુશમાં રાખી શકાય તે માટે સંદર્ભમાં દર્શાવેલ આ વિભાગના તા.૧૭-૭-૧૯૯૭ ના ઠરાવના અનુસંધાને વર્તમાન સમયને ધ્યાને લઇ સુધારો કરવો આવશ્યક હોઇ, વાજબી ભાવની દુકાનોની સમયાંતરે કરવામાં આવતી તપાસણીની કાર્યવાહીમાં ગેરરીતિ આચરનારને દંડ વસુલ કરવા

માટેની રકમમાં સુધારો કરવા તથા આવી વસુલાત સમયસર થઇ  શકે તે માટે વાજબી ભાવના દુકાનદારો પાસેથી મેળવવામાં આવતા જામીનોના દરમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

**ઠરાવ :-**

આમુખની વિગતે સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે આ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ઠરાવ ના મુદ્દા નં. (૧) માં માલ વગે કરવાના કિસ્સા માં જથ્થાની બજાર કિંમત (નજીકના માર્કેટ યાર્ડમાં અથવા ખુલ્લા બજારમાં જે તે દિવસે આ જથ્થાની અમુક ગુણવત્તા ધરાવતા હોય તેવા જથ્થાની બજાર કિંમત હોય તે ભાવ) અને વાજબી ભાવની દુકાની ઈસ્યુ પ્રાઈઝની તફાવતની રકમની બમણી રકમ આર્થિક નુકશાન ભરપાઇ કરવા અને ગેરરીતિ આચરનારને કાબુમાં રાખવા દંડ તરીકે વસુલ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

જેમાં સુધારો કરી ઘઉં અને ચોખા માટે દંડની વસુલાત કિંમતની ગણતરી કરવા ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમની જે તે વર્ષ દરમ્યાનની F.C.I ની Open Market Sell Scheme (OMSS) અંતર્ગતની ખરીદ કિંમત તથા નિગમનો ટ્રાન્સપોર્ટેશન, સ્ટોરેજ, મજુરી, ડોરસ્ટેપ ડીલીવરી ખર્ચ વગેરે મળી થતી અંદાજિત પડતર કિંમતને જે તે વર્ષ માટે બજાર કિંમત તરીકે ગણવાની રહેશે તેમજ ખાંડ, ખાદ્યતેલ, દાળ, મીઠું અને ભવિષ્યમાં જો જાહેર વિતરણ વ્યવસ્થામાં અન્ય કોઇ કોમોડીટીનો સમાવેશ કરવામાં આવે તો તે અંતર્ગત દંડની વસુલાત કિંમતની ગણતરી કરવા માટે ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમની જે તે વર્ષ દરમ્યાનની ખરીદ કિંમત તથા નિગમનો ટ્રાન્સપોર્ટેશન, સ્ટોરેજ, મજુરી, ડોર સ્ટેપ ડીલીવરી ખર્ચ વગેરે મળી થતી અંદાજિત પડતર કિંમતને જે તે વર્ષ માટે બજાર કિંમત તરીકે ગણી વાજબી ભાવની દુકાનની ઇસ્યુ પ્રાઇસ બાદ કરતા જે તફાવતની રકમ આવે તેની બમણી કિંમત વસૂલ કરવાનું ઠરાવવામાં આવે છે.

વિભાગની આ સ્થાયી સૂચના પરત્વે નિયામકશ્રી,અ.ના.પુની કચેરીએ ઘઉં અને ચોખા માટે દંડની વસુલાતની ગણતરી એફ.સી.આઇ. ની Open Market Sell Scheme (OMSS) અંતર્ગતની ખરીદ કિંમત + અન્ય ઘટકો મળી અંદાજિત પડતર કિંમતને જે તે વર્ષ માટે બજાર કિંમત ગણવા અંગેની, તેમજ ખાંડ, ખાદ્યતેલ, દાળ તેમજ મીઠું તથા ભવિષ્યના પ્રસંગે જાહેર વિતરણ વ્યવસ્થામાં અન્ય કોઇ કોમોડીટીનો સમાવેશ કરવામાં આવે તો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. ની ખરીદ કિંમત + અન્ય ઘટકો મળી આગલા વર્ષની સરેરાશ અંદાજિત પડતર કિંમતને જે તે વર્ષ માટે બજાર કિંમત તરીકે ગણી તે અંગેની આંકડાકીય માહિતી દર વર્ષની ૧ લી એપ્રિલના રોજ પ્રકાશિત કરવાની રહેશે.

વંચાણે લીધેલ ઠરાવના મુદ્દા નં. (૨) માં આવી વસુલાત સમયસર થઇ શકે તે માટે વાજબી ભાવના દુકાનદારો પાસેથી રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરાં) ના બે જામીનો મેળવવાનું રાખવા જેથી વાજબી ભાવના દુકાનદાર વસુલાત ન ભરે તો આવી રકમ જામીનદારો પાસેથી વસુલ લેવાનું ઠરાવવામાં આવેલ છે.

જેમાં સુધારો કરી વાજબી ભાવના દુકાનદારો પાસેથી રુ.૭૫,૦૦૦/- (અંકે પંચોતેર હજાર પુરા) ના બે જામીનો અને દર ત્રણ વર્ષે જામીનના દરોની પુનઃ સમીક્ષા કરી જામીનો મેળવવાનું નિયત કરવામાં આવે છે.

આ ઠરાવ સંબંધિત ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૫-૧૦-૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે. આ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી તેની અમલવારી કરવાની રહેશે.

આ વિભાગના તા.૧૭-૭-૯૭ ના ઠરાવ ક્રમાંક વભદ-૧૦૯૫-૧૨૧૨-ક ની અન્ય જોગવાઇ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(નયના પટેલ)**
નાયબ સચિવ
અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
(૧) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય અન્ન આયોગની કચેરી, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિયામકની કચેરી, ગાંધીનગર.
(૩) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર.
(૪) અન્ન નિયંત્રકશ્રી,અન્ન નિયંત્રકશ્રીની કચેરી,લાલ દરવાજા,બહુમાળી બિલ્ડીંગ,અમદાવાદ-૩૮૦૦૦૧
(૫) સર્વે કલેકટરશ્રીઓ
(૬) સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.

**નકલ રવાના :**
(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન.મંત્રીશ્રી, અ.ના.પુ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) માન.(રા.ક.) મંત્રીશ્રી, અ.ના.પુ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) મુખ્ય સચિવશ્રીના, અગ્ર રહસ્ય સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનુ કાર્યાલય, બ્લોક નં. ૧/૫, સચિવાલય, ગાંધીનગર.
(૬) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, બ્લોક નં.-૪, સચિવાલય, ગાંધીનગર.
(૭) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, બ્લોક નં.-૧૪/૫, સચિવાલય, ગાંધીનગર.
(૮) સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ
(૯) સિલેકટ ફાઇલ.